# કાપડ વેપારીનો તોડ કરનાર બે કોન્સ્ટેબલ સસ્પેન્ડ, PI-PSIની બદલી

**35 લાખ રોકડા આપી દાગીના લઈ કારમાં મૂકતા જ પોલીસની ગાડી આવી અને દાગીનાનો થેલો લઈ ભીમરાડ ચોકી પર બેસાડી રાખ્યો**

**કોન્સ્ટેબલ કુલદીપે વેપારીને ભીમરાડ ચોકી પાછળ બોલાવી રોકડા 6 લાખ લીધા હતા**

સુરતઃ કાપડ વેપારી સાથે સોનું ખરીદવાના ચક્કરમાં થયેલી છેતરપિંડીના કેસમાં પોલીસે ખુદ આરોપી તરફી વલણ અપનાવી વેપારીને રંજાડ્યો હતો. અને વેપારીનું 35 લાખનું સોનું તો ગયું પણ બીજા સાત લાખ મળીને 42 લાખનો તોડ કર્યો હતો. આ સમગ્ર વિવાદીત કેસમાં પોલીસ કમિશનર દ્વારા આજે પીઆઈ એચ.કે.ભરવાડ અને પીએસઆઈ એસ.ગોસ્વામીની ટ્રાફિકમાં બદલી કરી દેવાઈ હતી. જ્યારે બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવાયા છે.

મુળ યુપીના મિર્ઝાપુરના રહેવાસી અભિષેક વિનોદ અગ્રહરી એક વર્ષ પહેલા સુરત આવ્યા હતા અને કાપડનો વેપાર શરૂ કર્યો હતો. દરમિયાન ગત 15 જાન્યુઆરીએ સંપર્ક કરી કાંતિભાઈએ મેસેજ કરીને તે 16 તારીખે આવશે, સોનું આપી જશે પૈસા રેડી રાખજો તેવું કહ્યું હતું. બીજા દિવસે કાંતીભાઈએ તેની ગાડી ખરાબ થઈ હોવાનું કહ્યું હતું. અને પોતાનું લોકેશન મોકલી વેપારીને ત્યાં બોલાવ્યો હતો. ત્યાં ગયો તો સુમસામ રસ્તો હતો. અભિષેક અગ્રહરીએ કાંતીભાઈને ફોન કર્યો તો તે નંબર પ્લેટ વગરની બ્રેઝા કાર લઈને આવ્યો હતો. તેમને દાગીનાવાળી બેગ આપી અને રોકડા 35 લાખની બેગ કારમાં મુકી દેવા કીધું હતું. વેપારીએ સોનું અને દાગીનાનું બીલ લીધું પછી કાંતીભાઈની કાર જતી રહી હતી.

પાછળથી બીજી ગાડી આવી હતી. તેમાં એક પોલીસ વર્દીમાં અને એક સિવિલ કપડામાં બે જણા આવ્યા હતા. તેમને કાર ચેક કરવાનું કહીને બીજા વ્યક્તિએ સોનું ભરેલી બેગ અને બીલ લઈ લીધા હતા. અને વેપારીને ભીમરાડ ચેકપોસ્ટ ઉપર બેસાડી રાખ્યો હતો. બાદમાં કોન્સ્ટેબલ કુલદીપે 15 લાખ આપશે તો જવા દેશે તેવું કહીને ટોર્ચર કર્યું હતું.

આ પ્રકરણમાં પોલીસ કમિશનરે તપાસ કરાવી આજરોજ પીઆઈ એચ.કે.ભરવાડ અને પીએસઆઈ એસ.ગોસ્વામીની ટ્રાફિકમાં બદલી કરી હતી. અને તોડ કરનાર પીઆઈના દૂત કોન્સ્ટેબલ શૈલેષ અને કુલદીપને સસ્પેન્ડ કરી દેવાયા છે.

### કોન્સ્ટેબલ કુલદીપે 6 લાખ પડાવ્યા હતા

કોન્સ્ટેબલ કુલદીપે વેપારીને જો પોલીસ કેસથી બચવું હોય તો 15 લાખ માંગ્યા હતા. વેપારીએ આટલા રૂપિયા કેમ આપું તેની સાથે ઠગાઈ થઈ છે કેમ કહ્યું છતા ધમકી આપી છેલ્લે 6 લાખ માંગ્યા હતા. ભીમરાડ ચેકપોસ્ટની પાછળ બોલાવી વેપારી પાસેથી 6 લાખ રોકડ લીધા હતા. અને આ ઓછું હોય તેમ વેપારીની બેગમાંથી બીજા 1 લાખ પણ બળજબરી કાઢી લીધા હતા. આ સમગ્ર કેસમાં પોલીસ પોતે પહેલેથી મળેલી હતી. પોલીસે જ સોનું આપનાર કાંતી સાથે મળીને પ્લાટ ઘડ્યો હોય તેવું લાગે છે. વકીલે પણ વેપારીને ડરાવી પોલીસ સાથે મળી ગયો હતો.

### પીઆઇ ભરવાડને કારણે સુરત જિલ્લામાં બાર લોકોના લઠ્ઠાકાંડમાં મોત થયાં હતાં

અલથાણમાં પીઆઇ ભરવાડને ચાર્જ અપાયો ત્યારે જ તેઓ વિવાદમાં હતા. આ અધિકારીને કારણે સુરત જિલ્લામાં લઠ્ઠા કાંડ થયો હતો. તેમાં બાર લોકોના મોત થયા હતા. આખા રાજયમાં આ મામલે ભારે ઉહાપો થયો હતો. દરમિયાન સરકારે આ અધિકારીને સસ્પેન્ડ કરી દીધા હતા. આવા વિવાદી અધિકારીને ફરીથી પબ્લિક ડિલિંગમાં લાવવામાં આવતાજ વિવાદ થયો હતો. અલબત આ વિવાદી અધિકારીને કારણે વેપારીને વગર કારણે સજા ભોગવવાની આવી છે.

### નિવેદન લેતી વખતે પણ પીઆઈ ભરવાડ ખેલ કરતા હતા

પોલીસ કમિશનરને રજૂઆતો થઈ પછી ડીસીપી સાગર બાગમારની સામે પીઆઇ ભરવાડે વેપારીનું નિવેદન લીધું હતું. પરંતુ નિવેદન લેતી વખતે ભરવાડ ધાકધમકી પૂર્વક વેપારીને દબડાવીને ઉંધા નિવેદન લેતા હતા. અંતે ડીસીપી સાગર બાગમારે નિવેદન લીધું હતું. વેપારીની ફરિયાદ દાખલ કરવા સૂચના આપી છે. પોલીસ કમિશ્નર અજયકુમાર તોમરે જણાવ્યું હતું કે, આ પ્રકરણમાં પીઆઇ અને પીએસઆઈની ટ્રાફિકમાં બદલી કરવામાં આવી છે. તથા બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાયા છે. તથા વેપારી સાથે બનેલી ઘટના બાબતે ફરિયાદ દાખલ કરવા સૂચના આપવામાં આવી છે.

## સુરત એરપોર્ટ ઓથોરિટીએ વધુ એક એરોબ્રિજની ડિલિવરી લઈ સુવિધા અપગ્રેડ કરી



31 માર્ચ-2023ની કટ ઓફ ડેટમાં સુરત એરપોર્ટના હયાત ટર્મિનલને જોડી બંને તરફ વિસ્તરણ કરવામાં આવેલા નવા ટર્મિનલ બિલ્ડિંગનું કામ પૂર્ણ થયા પછી પેસેન્જર હેન્ડલિંગ કેપેસિટી બમણી થશે. એ જોતાં સુરત એરપોર્ટ ઓથોરિટીએ આજે વધુ એક એરોબ્રિજની ડિલિવરી લઈ સુવિધા અપગ્રેડ કરી છે. 3 માર્ચથી એર એશિયા 3 શહેરની ડેઇલી અને બીજાં 7 શહેરને જોડતી વાયા અથવા વન-વે સહિતની કનેક્ટિવિટી આપવા જઈ રહી છે, ત્યારે ગુરુવારે એરલાઇન્સે બોર્ડિંગ, બેગેજ ટ્રોલી, બેગેજ વેહિકલ સહિતની ગ્રાઉન્ડ સ્ટાફ માટેનાં સાધનો સુરત એરપોર્ટ મંગાવ્યાં હતાં. એરલાઇન્સ સુરતથી જ ગ્રાઉન્ડ સ્ટાફની ભરતી પણ કરશે. **(તસવીરઃ હેમંત ડેરે)**

## સુરતની ન્યૂ સરદાર માર્કેટમાં બટાકાના વેપારી સાથે 81.66 લાખની છેતરપિંડી

**મહેસાણાના** બટાકાના વેપારીએ પોતે અને મુંબઇ નાલાસોપારાના પાંચ વેપારીઓને બટાકા અપાવ્યા હતા

સુરતઃ મહેસાણા ખાતે રહેતા બટાકાના વેપારીએ ડિંડોલી ખાતે રહેતા અને ન્યુ સરદાર માર્કેટમાં બટાકાનો હોલસેલ વેપાર કરતા વેપારી પાસેથી માલ મંગાવી 81.66 લાખની છેતરપિંડી કરી હતી.

મૂળ મહેસાણાના ઊંઝાના વતની અને સુરતમાં ડીંડોલી ખાતે ડ્રીમ વિલા બંગલોઝમાં રહેતા 58 વર્ષીય વિક્રમ હરગોવિંદદાસ પટેલ પરમેશ્વર ટ્રેડિંગ કંપની નામે ન્યુ સરદાર શાક માર્કેટમાં બટેટાનો હોલસેલનો વેપાર કરે છે. વિક્રમ પટેલે ટીસી ટ્રેડર્સના પ્રોપરાઈટર સંજય રામા પટેલ, બાલાજી ટ્રેડિંગના પ્રોપરાઈટર બદનસિંહ પાલ , સંધ્યા ટ્રેડર્સના પ્રોપરાઈટર આતિફ શેખ, અમીત ટ્રેડર્સના પ્રોપરાઈટર અમીતભાઈ તથા ક્રીષ્ણા ટ્રેડિંગના પ્રોપરાઈટર વ્રજેશ પાલ વિરુદ્ધ પુણા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મહેસાણાના વીજાપુરના જુના હરસીતપુરા ગામના સંજયભાઇ રામાભાઇ પટેલ કે.ટી.સી.ટ્રેડર્સના નામે બટાકાનો હોલસેલમાં વેપાર કરે છે. પાંચ વર્ષ અગાઉ વિક્રમભાઈ તેમની પાસે બટાકા મંગાવતા હતા. થોડા સમયબાદ બટાકા મોકલવાનું બંધ કર્યું હતું. એક દિવસ સંજયભાઇએ ફોન કરી વિક્રમભાઈને મારી પાસે બીજી ઘણી સારી વેપારી પાર્ટી છે. તેમ કહી એપ્રિલ 2020 થી ફેબ્રુઆરી 2021 સુધીમાં સંજયભાઈને તથા તેમના કહેવાથી બાલાજી ટ્રેડીંગના પ્રોપરાઇટર બદનસીંહ પાલ (ઠે. સીતા કોમ્પ્લેક્ષ, શાક માર્કેટની બાજુમા, નાલાસોપારા, મુંબઇ), સંધ્યા ટ્રેડર્સ કંપનીના પ્રોપરાઇટર આતિફ શેખ (ઠે. પાર્ક રેજન્સી, સી.એચ.એસ.એલ.સેંટ્રલ પાર્ક, નાલાસોપારા, મુંબઇ), અમીત ટ્રેડર્સના પ્રોપરાઇટર અમીતભાઇ (ઠે. દુકાન નં.6, પાંડુરંગ પેલેસ, ધનંજય સ્ટોપ, નાલાસોપારા, મુંબઇ), ક્રીષ્ણા ટ્રેડીંગના પ્રોપરાઇટર વ્રુજેશ પાલ (ઠે. ધાનુ વાઘનાકા, નાલાસોપારા, મુંબઇ) અને ગુરૂકુપા ટ્રેડીંગ કંપનીના પ્રોપરાઇટર પ્રશાંતભાઇ (ઠે. સબજી મંડી, સંગમનેર, મુંબઇ) ને કુલ 1,52 કરોડના બટાકા મોકલ્યા હતા. તે પૈકી સંજયભાઈએ 70.35 લાખનું પેમેન્ટ ચુકવી આપ્યું હતું. બાકીને 81.66 લાખનું પેમેન્ટ આજદિન સુધી નહી આપતા વિક્રમભાઈએ તપાસ કરી તો સંજયભાઇ ઉઠમણું કરી ફરાર થઇ ગયા હતા. જેથી પૂણા પોલીસમાં ફરિયાદ કરાઈ હતી.

## હરિયાણાના અંબાલાના વેપારી દ્વારા રિંગ રોડ આસ્થા માર્કેટના વેપારી સાથે 24.82 લાખની ઠગાઈ

**જયપુરના** વેપારીએ પણ અભિષેક માર્કેટના વેપારી અને મિત્ર પાસેથી 1.23 લાખની સાડી ખરીદી દુકાન બંધ કરી છેતરપિંડી કરી

સુરતઃ રિંગ રોડ આસ્થા માર્કેટના વેપારી પાસેથી હરિયાણાના અંબાલાના અલઘ પરિવારે રૂ.24.82 લાખનું કાપડ મંગાવી પેમેન્ટ કરવાને બદલે ધમકી આપી હોવાની અને અભિષેક માર્કેટના વેપારી અને મિત્ર પાસેથી રૂ.1.23 લાખની સાડી ખરીદી જયપુરનો વેપારી પેમેન્ટ કર્યા વિના દુકાન બંધ કરી ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પીપલોદ ચાંદની ચોક સ્નેહસાગર સરિતા એપાર્ટમેન્ટમાં રહેતા 46 વર્ષીય ગૌતમભાઈ રાજકુમાર ગર્ગ મૂળ હરિયાણાના અંબાલાના વતની છે. તે સારોલી સંગીની ટેક્સટાઇલ હબમાં શ્રી ગણપતિ ટેક્સટાઇલના નામે કાપડનો વેપાર કરે છે. તેઓ વર્ષ-2008થી 2021 દરમિયાન રિંગ રોડ આસ્થા ટેક્સટાઇલ માર્કેટમાં વેપાર કરતા હતા. ત્યારે વર્ષ-2019માં તેમના વતનના જ હરીશ રોશનલાલ અલઘ તેમની દુકાને આવી પોતે પુત્ર મનીષ અને કરણ સાથે પંજાબ લુધિયાણામાં આર.વી.ક્રિએશનના નામે કાપડનો વેપાર કરતા હોવાનું કહ્યું હતું. વિશ્વાસ કેળવી વેપાર શરૂ કરતાં ગૌતમભાઈએ અંબાલામાં સની ફેશનના નામે વેપાર કરતા હરીશભાઈના ભત્રીજા મુકેશકુમાર સંતોષકુમાર અલઘને નવેમ્બર-2019થી જાન્યુઆરી-2021 દરમિયાન કુલ 24.82 લાખનું કાપડ મોકલાવ્યું હતું. તેનું પેમેન્ટ આજદિન સુધી આપ્યું નથી. લુધિયાણામાં દુકાન બંધ કરી અંબાલામાં દુકાન શરૂ કરી હતી. અંતે તેની સામે ગુનો નોંધાયો હતો.

બીજી ઘટનામાં પરવટ પાટિયા ઋષિવિહારમાં રહેતા 39 વર્ષીય સંદીપભાઈ રાધેશ્યામ પંચભાઈ રિંગ રોડ અભિષેક માર્કેટમાં સત્યમ સાડીના નામે વેપાર કરે છે. રાજસ્થાનના જયપુર ખજાનવાલા રસ્તા ખાતે સતગુરુ ટેક્સટાઈલના નામે સાડીનો વેપાર કરતા હરીશભાઈ વર્ષ-2021માં સંદીપભાઈની દુકાને આવ્યા હતા. ત્યારબાદ તેમની પાસેથી 99 હજારનો અને સંદીપભાઈના મિત્ર મુકેશ રાણાસરીયા પાસેથી પણ સાડી મંગાવી હતી. તેમનું 1.23 લાખનું પેમેન્ટ નહીં આપી છેતરપિંડી કરી હતી.



(તસવીર : સતીષ જાદવ)

## નાના વરાછામાં અગમ્ય કારણસર ધોરણ-11ની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી

સુરતઃ કાપોદ્રાના નાના વરાછા વિસ્તારમાં રહેતી ધોરણ-11ની વિદ્યાર્થિનીએ ઘરમાં હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા કરવાનું કારણ હજી સામે આવ્યું નથી.

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર નાના વરાછા વિસ્તારમાં ખાતે આવેલા મોતીનગરમાં સુરેશભાઈ વેગડ પરિવાર સાથે રહી અને ગેરેજનું કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. તેમને સંતાનમાં પુત્ર અને પુત્રી છે. પુત્રી સુમિતા (ઉં.વ.17) કાપોદ્રા વિસ્તારની એક સ્કૂલમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી હતી. વિદ્યાર્થિની સુમિતાએ બુધવારે રાત્રે પોતાની રૂમમાં છતની હૂક સાથે દુપટ્ટો બાંધો ફાંસો ખાઈ લીધો હતો. સવારે સાતથી છ વાગ્યા દરમિયાન તેની માતા જ્યારે રૂમમાં ગઈ હતી ત્યારે આત્મહત્યાની ખબર પડી હતી. સુમિતાએ કયાં કારણસર આપઘાત કર્યો એ સ્પષ્ટ થયું નથી. કાપોદ્રા પોલીસે હાલમાં અકસ્માત મોતનો બનાવ દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

## સુરતમાં પ્રથમવાર લેબગ્રોન ડાયમંડનાં વેચાણ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની બાયર સેલર મીટ

**અમેરિકા,** રશિયા, ઓસ્ટ્રેલિયા અને આયર્લેન્ડ જેવા દેશોમાંથી બાયર્સ આવશે: વિજય માંગુકિયા

સુરતઃ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ના ગુજરાત રિજિયન દ્વારા સુરતમાં ઉત્પાદિત લેબગ્રોન ડાયમંડને આંતરરાષ્ટ્રીય ફલક પર લઈ જવા આગામી એપ્રિલ મહિનામાં સુરત ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની "બાયર સેલર મીટ"નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લેબ ગ્રોન ડાયમંડના ઉત્પાદકો અને વિદેશી બાયરો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે.

અત્યાર સુધી અમેરિકા, રશિયા, ઓસ્ટ્રેલિયા અને આયર્લેન્ડ જેવા દેશોમાંથી બાયર્સ રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યાં છે અને આગામી દિવસોમાં મિડલ ઈસ્ટના દેશોના 30 જેટલા મોટા બાયર્સ આવશે એવું આયોજન થઈ રહ્યું છે. બાયર્સમાં મોટા આયાતકારો, જથ્થાબંધ વેપારી,




રિટેલ-ચેઈન સ્ટોર્સનો સમાવેશ થાય છે.

GJEPCના રિજનલ ચેરમેન વિજય માંગુકિયાએ જણાવ્યું હતું કે, આ પ્રતિસાદ દર્શાવે છે કે લેબગ્રોન ડાયમંડની આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ખૂબ મોટી ડિમાંડ જોવા મળી રહી છે. પહેલા જ પ્રયોગમાં આંતરરાષ્ટ્રીય બાયર્સ આટલો ઉત્સાહભેર પ્રતિસાદ મળશે એવી આશા નહોતી. આ દર્શાવે છે કે LGDની માંગ વધુ છે, જેટલા પણ એક્ઝિબિટર્સ આ પ્રથમ પ્રયોગમાં જોડાયા છે એમને ઘણો સારો એક્સપોર્ટ ઓર્ડર મળશે એની અમને ખાતરી છે.

## RBIએ સૂરત પીપલ્સ કો-ઓપરેટિવ બેન્કને કરન્સી ચેસ્ટની મંજૂરી આપી

**રિઝર્વ** બેન્ક દ્વારા કરન્સી ચેસ્ટની મંજૂરી મળી હોય એવી મૂળ દક્ષિણ ગુજરાતની પ્રથમ બેન્ક બની

સુરતઃ ગુજરાતની ત્રીજા નંબરની અને દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સહકારી બેન્ક સૂરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંકને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ કરન્સી ચેસ્ટ શરૂ કરવાની મંજૂરી આપી છે અને એ સાથે જ બેન્કે ચાલુ નાણાકીય વર્ષમાં એક વધુ ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. દક્ષિણ ગુજરાતમાં કોઇ સહકારી બેંકને કરન્સી ચેસ્ટ શરૂ કરવાની મંજૂરી મળી હોય તેવી આ પહેલી ઘટના છે.

બેન્કના પ્રમુખ મુકેશ દલાલે આ સંદર્ભમાં જણાવ્યું હતું કે, બેંકને કરન્સી ચેસ્ટ મળવાથી બેન્કના ગ્રાહકો, સભાસદો, કર્મચારીઓ અને શહેરીજનોમાં હર્ષ અને આનંદની ફેલાઈ છે. બેન્કના સર્વ ડિરેક્ટર્સ, માજી પ્રમુખો અને કર્મચારીઓના પુરુષાર્થ તેમજ તેના ગ્રાહકો અને સભાસદોના અતૂટ વિશ્વાસને કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. બેન્ક ખૂબ ઝડપથી કરન્સી ચેસ્ટ ચાલુ કરી દેશે અને એ માટેની કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે. આ તબક્કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના આ નિર્ણય બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

બેન્કના ઉપપ્રમુખ સુનીલ કનૈયાલાલ મોદીએ પણ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનો આભાર માની જણાવ્યું હતું કે, આ નિર્ણયથી દક્ષિણ ગુજરાતના ગ્રાહકોને ખૂબ ફાયદો થશે. મેનેજિંગ ડિરેક્ટર ડો.જતીન નાયકે કહ્યું હતું કે, કરન્સી ચેસ્ટ શરૂ થવાથી બેન્કની પ્રગતિ ખૂબ ઝડપથી થશે અને તેના લક્ષ્યાંકો પણ ઝડપથી હાંસલ કરી શકશે. ઉધના ખાતે ચેસ્ટ શરૂ કરવા વિચારણા ચાલી રહી છે.

## ઘોડદોડ રોડ VLCCમાં ટ્રેનિંગમાં જતી મહિલાના પર્સમાંથી 1.25 લાખના દાગીના ચોરાયા

**મહિલાએ** અન્ય સ્ટુડન્ટ સ્કીન લેબમાં પ્રેક્ટિસ કરવાની હોવાથી સોનાની ચેઈન અને ઝાંઝરી કાઢીને પર્સમાં મૂકી ખુરશી પર મૂક્યું હતું

સુરતઃ ઘોડદોડ રોડ ખાતે વીએલસીસી ઈન્સ્ટિટ્યુટમાં ટ્રેનિંગ માટે જતી રાંદેરની મહિલાના પર્સમાંથી રૂપિયા 1.50 લાખના દાગીના ચોરાઈ ગયા હતા.

ઉમરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, રાંદેર મોરાભાગળ ભાણકી સ્ટેડીયમની બાજુમાં સનસિટી રેસિડેન્સીમાં રહેતા મોહંમદ સૈદ પટેલ પોતાની કાર ભાડે ફેરવે છે. તેમની પત્ની આઈસા (ઉ.વ.48) છેલ્લા બે વર્ષથી ઘોડદોડ રોડ, કાકડીયા કોમ્પ્લેક્ષ પાસે વીએલસીસી ઈન્સ્ટિટ્યુટમાં લેડિઝ બ્યુટી પાર્લરનો કોર્સ શીખવા બપોરે જાય છે. ગત 30 જાન્યુઆરીએ તેમનો હેરનો તથા સ્કીનનો ડેમો લેક્ચર હતો.

સ્કીનના લેક્ચરમાં બોડી સ્પા માટે મોડેલ બનવાનું હોવાથી 95 હજારની સોનાની ચેઈન અને 30 હજારની સોનાની ઝાંઝરી કાઢીને પર્સમાં મુક્યા હતા અને પર્સ સ્કીન લેબમાં બોડી મસાજના બેડથી દસેક ફુટ દુર એક ખુરશી પર રાખ્યું હતું. એક કલાક બાદ તેઓએ આવીને જોયું તો પર્સ ત્યાંથી ગાયબ હતું.

આજુબાજુમાં તપાસ કરતા પર્સ સ્કીન લેબના એન્ટ્રી ગેટ પાસે પડેલું હતું. પરંતુ તેમાંથી સોનાના દાગીના ગાયબ હતા. જેથી આ અંગે ઉમરા પોલીસ સ્ટેશનમાં 1.25 લાખના દાગીનાની ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધારે તપાસ હાથ ધરી છે.

## ગોપીપુરામાં ડુપ્લિકેટ રેબનના ગોગલ્સ વેચતા ગોડાઉન પર સીઆઇડી ક્રાઇમના દરોડા : 15.99 લાખનો માલ કબજે

સુરતઃ ગોપીપુરામાં ડુપ્લિકેટ રેબાન વેચતો વેપારી સીઆઇડી ક્રાઇમની વરૂણીમાં આવ્યો હતો. શહેરમાં સંખ્યાબંધ ફેરિયાઓ તથા દુકાનમાં ડુપ્લિકેટ રેબાન આ વેપારી દ્વારા વેચવામાં આવતા હતા. તેમાં આરોપી પવનકુમાર સંપતરાજ જૈન (ઉં.વ.24) (રહે., 401, દિવાન પાર્ક, શ્રીપારામનો ખાંચો, સુભાષ ચોક, ગોપીપુરા) ની ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપી પાસેથી રૂ.15.99 લાખના રેબાન ગ્લાસ તથા રેબાનના સિમ્બોલ સાથેનાં કવર પકડવામાં આવ્યાં હતાં. આરોપી સામે નીતિનભાઇ પારેખ (ઉં.વ.44) (ધંધો-વેપાર) (રહે., 21, શ્રીજી ટાવર, હિમાલયા મોલની સામે, ડ્રાઇવિંગ રોડ) દ્વારા આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. દરમિયાન યુનાઇટેડ ઓવરસીસ ટ્રેડમાર્ક કંપનીને રેબાન કંપની દ્વારા તેઓની કોપીરાઇટ હક્કોની જાળવણી માટેની કામગીરી સોંપવામાં આવતાં આ પોલીસ ફરિયાદ સીઆઇડી ક્રાઇમમાં દાખલ કરવામાં આવી હોવાની વિગત જાણવા મળી છે.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** — IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧)] **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ બેંક લિ. સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. જતીન જ્વેલ્સ, ૨. જતીન જયેન્દ્રભાઈ સોની, ૩. સમીતા જતીન સોની** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૪,૨૯,૦૦૪.૧૪ (અંકે રૂપિયા ચૌદ લાખ ઓગણત્રીસ હજાર ચાર અને ચૌદ પૈસા પુરા) તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯** ના રોજના આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭મી ફેબ્રુઆરી સને ૨૦૨૩** ના રોજ આ સંપત્તિનો **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ બેંક લિ. સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૧૪,૨૯,૦૦૪.૧૪ (અંકે રૂપિયા ચૌદ લાખ ઓગણત્રીસ હજાર ચાર અને ચૌદ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'અર્પણ એપાર્ટમેન્ટ, અર્પણ કો.ઓ.હાઉસીંગ સોસાયટી'નો ફલેટ નં.૧૧૦૧, કાદરશાની નાળ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૨ ખાતે આવેલ છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ બેંક લિ. સાથે જોડાયેલી)

તારીખ : ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩
સ્થળ : સુરત
લોન ખાતા નં.: ૪૫૫૯૩૬૫



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** — IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧
ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ | મિલકતની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૩૦૫૮૬૬૪૯ અને ૩૩૯૯૦૮૪૨ | મિલકત સામે લોન | ૧. દિનેશ મહુલે ૨. ધુરનલાલ મહુલે | ૦૧.૦૨.૨૦૨૩ | રૂા. ૧૬,૭૯,૨૬૫.૮૪ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત પ્લોટ નં.૧૦૪, જેનું માપ ૩૩.૪૪ ચો.મી. યાને ૪૦ ચો.વાર યાને ૧૨ × ૩૦ ફુટ, રેવન્યુ સર્વે નં.૧૪૬ પૈકી + ૧૪૬ પૈકી + ૧૪૬ પૈકી, બ્લોક નં.૧૪૯ અને ૧૫૦, મોજે ગામ ગોડાદરા, સુરત સીટી ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૧૩૬, પશ્ચિમ તરફ : ૨૦ ફુટ રોડ, ઉત્તર તરફ : પ્લોટ નં.૧૦૩, દક્ષિણ તરફ : પ્લોટ નં.૧૦૫ આવેલ છે. |

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમિટડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમિટડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમિટડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૪.૦૨.૨૦૨૩
સ્થળ : સુરત



**ઈ–હરાજી વેચાણ નોટીસ**
હરાજીની તા: ૧૪.૦૩.૨૦૨૩
સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦

સુરત શહેર ક્ષેત્ર–૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત–૩૯૫૦૦૭
ફોન : +૯૧ ૯૪૦૯૩૧૬૯૦૪, +૯૧ ૭૯૦૩૮ ૮૮૬૭૨

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — विजया VIJAYA | देना DENA

**સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ નોટીસ**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિકયુર્ટ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ, ગીરવેદાર, જામીનદાર સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ–હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

| અ. નં. | શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસ તારીખ | મિલકતનાં માલિક | મિલકતનું વર્ણન | મિલકતનો પ્રકાર (રો હાઉસ/ફલેટ/રહે.પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર (પ્રત્યક્ષ / સાંકેતિક) | બાકી લેણા (લાખમાં) ૨૦.૦૨.૨૦૨૩ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા) | ૧) અનામત કિંમત (લાખમાં) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ(ઈએમડી) ૩) બીડ વધારાની રકમ | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ડુંભાલ** / રામભાઈ પરસોત્તમભાઈ મકવાણા અને ૧૨.૦૪.૨૦૨૧ | રામભાઈ પરસોત્તમભાઈ મકવાણા અને નયનાબેન રામભાઈ મકવાણા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સ્ટાર ધર્મ રેસીડન્સી, બિલ્ડીંગ નં.એ/૧ નો ફલેટ નં.૧૦૪, સર્વે નં.૭૦, બ્લોક નં.૮૨, ટીપીએસ નં.૪૫, એફપી નં.૬૧, પાસોદરા પાટીયા, સહજાનંદ રેસીડન્સી નજીક, સુરત–૩૯૪૧૮૦ | ફલેટ / પ્રત્યક્ષ | ૧૯.૨૦ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨.૧૯ ૨) ૧.૨૨ ૩) ૦.૧૦ | **કુશલ પરીખ** ૮૯૮૦૦૨૬૬૩૦ |
| ૨. | **કતારગામ** / અરૂણકુમાર ભૂપતભાઈ અંટાલા, ભૂપતભાઈ માધુભાઈ અંટાલા અને સોનલબેન અરૂણભાઈ અંટાલા અને તા.૨૭.૧૨.૨૦૧૯ | ભૂપતભાઈ માધુભાઈ અંટાલા અને સોનલબેન અરૂણભાઈ અંટાલા | રહેણાંકનો પ્લોટ નં.૫૨, પટેલ નગર, આસોપાલવ રો હાઉસ પાછળ, કેનાલ રોડ, કામરેજ, સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | ૩૪.૫૯ + અન્ય ચાર્જીસ | ૧) ૩૧.૦૫ ૨) ૩.૧૧ ૩) ૦.૧૦ | **અનીશ ભારતી** ૮૯૮૦૦૨૬૭૩૦ |
| ૩. | **હની પાર્ક** / સુભાષ ગુણીલાલ કનોજીયા અને ૧૦.૧૨.૨૦૨૧ | સંગીતા સુભાષ કનોજીયા અને સુભાષભાઈ ગુણીલાલ કનોજીયા | આરાધના ડ્રીમ વિભાગ–૨ નો પ્લોટ નં.૮૯, જેનું આશરે માપ ૨૯.૬૭ ચો.મી. બ્લોક નં.૧૬૪, મોજે ગામ જોળવા, તાલુકા પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | ૧૫.૨૯ + અન્ય ચાર્જીસ | ૧) ૧૨.૦૪ ૨) ૧.૨૧ ૩) ૦.૧૦ | **શ્રી પશાંત સિંઘ કેલ્વે** ૮૯૮૦૦૨૬૬૦૫ |

**સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસની વૈધાનિક વેચાણ નોટીસ**

તમામ મિલકત માટે બિડ વધારા રકમ રૂા.૧૦,૦૦૦/– (રૂપિયા દશ હજાર પુરા) રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://ibapi.in પર જાવ. સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૯૪૦૯૩૧૬૯૦૪, +૯૧ ૭૯૦૩૮ ૮૮૬૭૨ નો સંપર્ક કરે અથવા https://www.mstcecommerce.com ની મુલાકાત લો.
**(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)**

SCAN HERE For detailed Terms & Conditions

તા.૨૪.૦૨.૨૦૨૩ | સ્થળ : બેંક ઓફ બરોડા, સુરત — અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા